# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/131 Dt. 11/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'SGCCI Job Portal' લોન્ચ, નોકરી શોધનારાઓ અને ભરતી કરનારાઓ બંને માટે સરળતા રહેશે

### ચેમ્બરની નવી પહેલ ઉદ્યોગ સાહસિકોને યોગ્ય પ્રતિભા શોધવા અને યુવાનોને તેમની કુશળતા અનુસાર યોગ્ય રોજગારી મેળવવામાં મદદરૂપ બનશે : ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને નોકરી શોધનારા યુવાનો માટે એક મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત 'SGCCI Job Portal' લોન્ચ કરવામાં આવ્યું છે. આ ડિજિટલ પ્લેટફોર્મ ખાસ કરીને નોકરી શોધનારાઓ અને કર્મચારી શોધનારી કંપનીઓ વચ્ચેનું જોડાણ વધુ અસરકારક બને તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરની આ નવી પહેલ ઉદ્યોગ સાહસિકોને યોગ્ય પ્રતિભા શોધવા અને યુવાનોને તેમની કુશળતા અનુસાર યોગ્ય રોજગારી મેળવવામાં મદદરૂપ બનશે. SGCCI જોબ પોર્ટલ દ્વારા, આપણે ટેલેન્ટ અને ઓપોર્ચ્યુનિટી બંને વચ્ચેનું અંતર ઘટાડીને વ્યાપક સ્તરે લાભ આપી શકીશું. અત્યાર સુધીમાં ૬૮૦ ઉમેદવારો અને ૨૯૦ રિક્રુટર્સ જોબ

પોર્ટલ પર રજિસ્ટ્રેશન કર્યું છે. આ પોર્ટલથી ઉદ્યોગકારો, વેપારીઓ અને ચેમ્બરના સભ્યો માટે મેનપાવરની તકલીફ દુર થશે.

SGCCI જોબ પોર્ટલ પર માર્ગદર્શન માટે પોર્ટલની લીન્કમાં જ વિગતવાર યુટયુબ વિડિયો ઉપલબ્ધ છે. રજિસ્ટ્રેશન બાદ જરૂરિયાત મુજબ ઉમેદવારનું ઈન્ટરવ્યુ સરળતાથી શેડયૂલ કરી શકાશે. નોકરી શોધનારાઓ માટે પણ નોકરી શોધવી સરળ બની રહેશે. જરૂરિયાત મુજબ નોકરી શોધનારાઓ પણ ઉપલબ્ધ નોકરીની જગ્યાઓ જાણી શકે છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન, એડવાઇઝર ટુ પ્રેસિડેન્ટ અને SGCCI જોબ પોર્ટલના ઇન્ચાર્જ શ્રી દીપક કુમાર શેઠવાલાએ જણાવ્યું હતું કે, SGCCI જોબ પોર્ટલનો ઉપયોગ કરીને નોકરી શોધનારા પોતાની સ્કિલ અને અનુભવ મુજબ પ્રોફાઇલ બનાવીને સરળતાથી પસંદગીની નોકરી શોધી શકે છે. તેઓ રોજિંદા નોકરી અપડેટ્સ મેળવવા માટે નોટિફિકેશન સેટ કરી શકશે, જેથી નવી જોબ ઓપોર્ચ્યુનિટી પોર્ટલ પર આવતા જ તેની જાણ તેઓને થશે. આ ઉપરાંત, આ પોર્ટલ પર વિવિધ ક્ષેત્ર અને કેટેગરી અનુસાર વર્ગીકૃત નોકરીનું લિસ્ટિંગ ઉપલબ્ધ રહેશે, જેનાથી વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોમાં તેમજ કંપનીઓમાં નોકરી શોધવી યુવાનો માટે વધુ સરળ બનશે.

જ્યાં સુધી ઉદ્યોગ સાહસિકો અને કંપનીઓની વાત છે, SGCCI જોબ પોર્ટલ દ્વારા તેઓ સરળતાથી યોગ્ય ઉમેદવાર શોધી શકે છે. પોર્ટલ પર રેઝ્યુમે સર્ચ સિસ્ટમની મદદથી ભરતી કરનારાઓ માટે યોગ્ય ઉમેદવારોને શોધવાનું કામ અત્યંત સરળ બની જાય છે. સાથે જ, પોર્ટલ પર સંપૂર્ણ એન્ડ-ટુ-એન્ડ રિક્રૂટમેન્ટ સોલ્યુશન્સ પણ ઉપલબ્ધ છે, જેનાથી નોકરીની જાહેરાતથી લઈ ભરતીની પ્રક્રિયા પૂર્ણ કરવી સરળ બની જાય છે. આ જોબ પોર્ટલનો ઉપયોગ કરી ઉદ્યોગ સાહસિકો તેમના વ્યાપાર અને ઉદ્યોગ-ધંધા માટે શ્રેષ્ઠ પ્રતિભા શોધી શકશે અને યુવાનો કારકિર્દી માટે શ્રેષ્ઠ તક મેળવી શકશે.